# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28/03/2026** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે રાજકોટને એક હજાર દસ આવાસો સહિત 751 કરોડ રૂપિયાના વિકાસકાર્યોની ભેટ આપશે.**
2. **ભગવાન શ્રીકૃષ્ણ અને માતા રુક્મિણીના લગ્ન પ્રસંગને યાદ કરતા માધવપુર ઘેડના ઐતિહાસિક મેળાનો આરંભ.**
3. **પાટણના નવા આધુનિક બસપોર્ટનો આરંભ કરાવતાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી.**
4. **કેન્દ્ર સરકારના પેટ્રોલ – ડીઝલની એક્સાઇઝડ્યુટી ઘટાડવાના નિર્ણયને આવકાર.**
5. **અમદાવાદમાં આજથી બે રાષ્ટ્રીય કક્ષાની શતરંજ સ્પર્ધાનો પ્રારંભ થશે.**

------------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# CM - RAJKOT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે રાજકોટના પ્રવાસે જશે. જ્યાં તેઓ અટલ બિહારી વાજપેયી ઓડિટોરિયમ ખાતે બપોરે સાડા બાર વાગ્યે આનંદનગર હાઉસિંગ બોર્ડના રહેવાસીઓ દ્વારા આયોજિત અભિવાદન કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

શ્રી પટેલ બપોરે 3 વાગ્યે  પ્રમુખસ્વામી ઓડિટોરિયમ ખાતેથી રાજકોટ મહાનગરપાલિકાના  207 કરોડથી વધુના પાંચ પ્રકલ્પોનું લોકાર્પણ તથા કુલ 543 કરોડથી વધુના વિકાસલક્ષી 40 પ્રકલ્પોના ખાતમુહૂર્ત કરશે. જેમાં 1 હજાર 10 આવાસોનું લોકાર્પણ કરીને એક હજારથી વધુ પરિવારોને ‘ઘરના ઘર’ની ભેટ આપશે.

સાંજે સવા ચાર વાગ્યે શ્રી પટેલ મેઘાણી રંગભવન, ભક્તિનગર સર્કલ ખાતે વયોશ્રી યોજના હેઠળ વડીલોને વિવિધ જીવન સહાયક ઉપકરણોના વિતરણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. ત્યારબાદ તેઓ લેઉવા પટેલ બોર્ડિંગના નવનિર્મિત ભવનનું લોકાર્પણ તથા સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું અનાવરણ કરશે.

# MADHAVPUR MELO

પોરબંદરના માધવપુર ખાતે ભગવાન શ્રી કૃષ્ણ અને દેવી રુક્મિણીના વિવાહ પ્રસંગે યોજાતા માધવપુર ઘેડ લોકમેળાનો વન અને પર્યાવરણ કેબીનેટ મંત્રી અર્જુન મોઢવાડિયે પ્રારંભ કરાવ્યો. શ્રી મોઢવાડિયાએ પોરબંદરના માધવપુર ખાતે બીચ સ્પોર્ટ્સ ફેસ્ટિવલનો શુભારંભ કરાવ્યો. આ બીચ સ્પોર્ટ્સ ફેસ્ટિવલમાં ગુજરાત રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી 650થી વધુ ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. આ અવસરે તેમણે માધવરાય મંદિર ખાતે દર્શન પણ કર્યા.

આ પ્રસંગે બોલતાં તેમણે કહ્યું કે, માધવપુર મેળાને રાષ્ટ્રીય કક્ષાનું સ્વરૂપ મળ્યું છે. જેના પરિણામે આજે દેશ-વિદેશના કલાકારો અને યાત્રાળુઓ અહીં ઉત્સાહપૂર્વક ભાગ લેવા આવે છે. તેમણે કહ્યું કે, દરિયા કિનારે રમાતી રમતો યુવાનોમાં નવી ઊર્જા અને ઉત્સાહ જગાવશે. તેમણે યુવા પ્રતિભાઓને રમત ગમત ક્ષેત્રમાં આગળ વધવા પ્રોત્સાહિત કર્યા હતા.

# PATAN - HARSH SANGHAVI

પાટણમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે આધુનિક બસપોર્ટનું લોકાર્પણ કરવામાં આવ્યું. આ પ્રસંગે બોલતાં શ્રી સંઘવીએ કહ્યું કે, આ બસપોર્ટ માત્ર સુવિધા નહીં, પરંતુ પાટણની નવી ઓળખ અને ગૌરવનું પ્રતીક છે. આ આધુનિક વ્યવસ્થાને જાળવી રાખવા માટે દરેક નાગરિકનો સહયોગ અનિવાર્ય છે. અને સ્વચ્છતા જાળવવી આપણી સૌની જવાબદારી છે

## (BYTE : HARSH SANGHAVI)

શ્રી સંઘવી પાટણ જિલ્લાને ત્રણ નવીન એસી બસો આપવાની પણ જાહેરાત કરી હતી. બસપોર્ટના લોકાર્પણ બાદ શ્રી સંઘવીએ પાટણના નગરદેવી કાલિકા માતાજીના મંદિરે દર્શન કર્યા હતા.

ઉલ્લેખનીય છે કે, 17 કરોડના ખર્ચે PPP મોડલ હેઠળ બનેલ  આ બસપોર્ટ પર આજથી દરરોજ કુલ 850 બસોની આગમન અને પ્રસ્થાન સાથે અવરજવર શરૂ થશે. જેનો 20 હજારથી વધુ મુસાફરોને લાભ મળશે.

# JAGDISH VISHWKARMA ON PETROL EXCISE DUTY

ગુજરાત ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ પેટ્રોલ પર એક્સાઇઝ ડ્યૂટી 13 રૂપિયાથી સીધી 3 રૂપિયા અને ડીઝલ પર 10 રૂપિયાથી શૂન્ય કરવાના કરાયેલા નિર્ણયને આવકારી છે.

(BYTE - JAGDISH VISHWAKARMA, STATE BJP PRESIDENT)

# DAMAN PETROL RATES

કેન્દ્ર સરકારે દેશભરમાં પેટ્રોલ અને ડીઝલ પરની એક્સાઇઝ ડ્યુટીમાં 10-10 રૂપિયાનો ઘટાડો કરીને સામાન્ય જનતા અને ઓઇલ કંપનીઓને મોટી રાહત આપી છે. અગાઉ પેટ્રોલ પર 13 રૂપિયા એક્સાઇઝ ડ્યુટી હતી જે હવે ઘટીને માત્ર 3 રૂપિયા થઈ ગઈ છે, જ્યારે ડીઝલ પરની 10 રૂપિયાની ડ્યુટી સંપૂર્ણપણે નાબૂદ કરી શૂન્ય  કરી દેવામાં આવી છે. સંઘપ્રદેશ દમણ એક કેન્દ્રશાસિત પ્રદેશ હોવાથી, અહીં ઓછા વેટના કારણે પેટ્રોલ અને ડીઝલના ભાવ પાડોશી રાજ્ય ગુજરાતની સરખામણીમાં પહેલેથી જ ઓછા છે.છે. દમણના પેટ્રોલ પંપના સંચાલક અસ્પી દમણિયાના જણાવ્યા અનુસાર સરકારે એક્સાઇઝ ડ્યુટી ઘટાડીને સરકારી ઓઇલ કંપનીઓ રાહત આપી છે.

**(BYTE: DAMANIA PRESIDENT PETROLEUM ASSOCIATION DAMAN)**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....................................

ડેસ્ક

# CM SHCHOLASHIP

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે 13.96 લાખથી વધુ વિદ્યાર્થીઓના ખાતામાં નમો લક્ષ્મી-નમો સરસ્વતી જ્ઞાન સાધના યોજના અન્વયે 354 કરોડ રૂપિયાની શિષ્યવૃત્તિનું DBTથી વિતરણ કર્યું

શાળા કક્ષાએ SSIP અંતર્ગત 20 હજાર સુધીની ગ્રાન્ટ આપીને વિદ્યાર્થીઓમાં ઉદ્યમ સાહસિકતા પ્રત્યે રૂચિ વિકસાવવાનો ભગીરથ  પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતે SSIP 2.O, નમો લક્ષ્મી, નમો સરસ્વતી વિજ્ઞાન સાધના, મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ અને મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરિટ સ્કોલરશીપ યોજનાઓના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરાયાં હતા.. આ સ્કોલરશિપ મેળવનારા વિદ્યાર્થીઓએ પણ સરકારના આ પ્રયાસોને સ્ટાર્ટ અપના વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક ગણાવ્યાં હતાં.

**(BYTE - CHIRAG JOSHI, STARTUP STUDENT)**

# GUJARAT GANOT VAHIVAT

ગુજરાત ગણોત વહિવટ અને ખેતીની જમીન અધિનિયમની કલમ-32 અંતર્ગત ગણોતિયાને ખરીદ કિંમત ભરપાઈ કરવાની મુદત એક વર્ષ વધારવાનો સરકારે નિર્ણય કર્યો છે. ખેડૂતો દ્વારા ખેતીની જમીન વેચાણ, બિન ખેતીની પ્રક્રિયાને સરળ બનાવવા રાજ્ય સરકારે ખેડૂતોના હિતમાં વખતોવખત આવી ખરીદ કિંમત ભરપાઈ કરવાની છુટ આપીને સમય મર્યાદા લંબાવવાના નિર્ણયો કરેલા છે. ગણોતિયાને ખરીદ કિંમત ભરપાઈ કરવાની આ મુદતને તા. 31 ડિસેમ્બર-2026 સુધી લંબાવવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણયના પરિણામે ખેડૂતો/ગણોતિયાને ખરીદ કિંમત ભરપાઈ કરીને કાયદેસર માલિક બની શકશે.

# CHESS CHAMPIONSHIP

અમદાવાદમાં આજથી રાષ્ટ્રીય કક્ષાની બે શતરંજ સ્પર્ધાનો પ્રારંભ થશે. નારણપુરા સ્થિત અત્યાધુનિક વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે યોજાઇ રહેલી આ સ્પર્ધામાં દેશભરમાંથી એક હજાર 935 ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. સ્પર્ધાના આયોજન અંગે સંયોજક ડૉ. મહેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે આજથી 'ઓલ ઈન્ડિયા ઓપન ફિડે રેટેડ રેપિડ અંડર-18 ચેસ ટુર્નામેન્ટ' યોજાશે. જ્યારે રવિવારે 'ઓલ ઈન્ડિયા ઓપન ફિડે રેટેડ રેપિડ ચેસ ટુર્નામેન્ટ'નું આયોજન થશે. અંડર-18 કેટેગરીમાં 967 તથા ઓપન રેપિડ કેટેગરીમાં 968 ખેલાડીઓ ભાગ લેશે.

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે મન કી બાત કાર્યક્રમની 132મી કડીમાં દેશવિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરાશે. ઉપરાંત આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, PMO અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલ પર પણ તેનું જીવંત પ્રસારણ કરાશે.

# AHMEDABAD AYOJAN MANDAL BETHAK

અમદાવાદ કલેક્ટર કચેરી ખાતે રાજ્યના ઊર્જા અને પેટ્રોકેમિકલ મંત્રી તેમજ જિલ્લાના પ્રભારીમંત્રી ઋષિકેશ પટેલના અધ્યક્ષસ્થાને જિલ્લા આયોજન મંડળની વર્ષ 2026-27ની બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન જિલ્લામાં સર્વાંગી વિકાસને ગતિ આપવા માટે 15 ટકા વિવેકાધીન જોગવાઈ હેઠળ 7 તાલુકાના કુલ 14.07 કરોડ રૂપિયાનાં કુલ 498 વિકાસકાર્યોને મંજૂરી આપવામાં આવી હતી.

આ ઉપરાંત, જિલ્લાના બે નગરપાલિકા વિસ્તારોમાં 15 ટકા વિવેકાધીન જોગવાઈ હેઠળ રૂ. 75 લાખના વિવિધ 6 કામો, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ અંતર્ગત 6તાલુકાનાં રૂ. 30 લાખનાં 10 વિકાસકાર્યોને મંજૂરી આપવામાં આવી હતી.